માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા શિક્ષા કોષ્ટક મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમશબ/૨૦૦૨/૫૯૨/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૬/૦૩/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૪/૨૦૦૨ના ઠરાવ ક્રમાંક:મશબ/૨૦૦૨/૫૯૨/છ.

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૯/૦૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:મશબ/૨૦૦૫/૧૨૩૩/ છ.

(૩) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરની તા.૨૪/૦૭/૨૦૧૮ની સીંગલ ફાઇલની દરખાસ્ત.

(૪) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૧૪/૦૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક:મઉશબ/ પરીક્ષા/૨૦૧૯/૨૮૭.

ઠ રા વ-

આમુખ ક્રમાંક (૧) માં દર્શાવેલ વિભાગના તા.૧૫/૦૪/૨૦૦૨ના ઠરાવથી ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં ગેરરીતિ અટકે અને પરીક્ષામાં શુદ્ધતા જળવાય તે હેતુથી ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો-૧૯૭૭માં વિનિયમ-૨૫(૫)માં શિક્ષા કોષ્ટક મંજુર કરવામાં આવેલ હતું. ત્યારબાદ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના ઠરાવથી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-૨૦૦૫ મંજુર કરવામાં આવેલ છે. જે અન્વયે ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩)ની સીંગલ ફાઇલથી અને વંચાણે લીધેલ ક્રમાંક (૪)ની દરખાસ્તથી કર્મચારીઓ માટેનું શિક્ષા કોષ્ટક ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-૨૦૦૫ માં વિનિયમ-૩૬(૭) તરીકેની જોગવાઇ દાખલ કરવા માટે કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-૨૦૦૫માં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર



Scanned with CamScanner